# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/06/2026** **Morning : 7.10 to 7.20**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **ચાર હજાર 399 દિવસનું દિર્ઘકાલીન શાસન કરનાર દેશના પ્રથમ પ્રધાનમંત્રી બનતા નરેન્દ્ર મોદી. વિશ્વના અનેક દેશોના વડાઓએ અભિનંદન પાઠવ્યાં.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ શાસનના 12 વર્ષ નિમિત્તે આજે તેમના વતન, વડનગરમાં વિવિધ કાર્યક્રમોમાં આયોજન સાથે ઉજવણી.**
3. **મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી નવી દિલ્હી ખાતે યોજાનારી નીતિ આયોગની બેઠકમાં ભાગ લેશે - કેબિનેટની બેઠક રદ.**
4. **સિકલ સેલ જેવા આનુવંશિક રોગોને નાબૂદ કરવાનું પરંપરાગત કુંડળીની જેમ 'મેડિકલ કુંડળી' મેળવવીની હિમાયત કરતાં આરોગ્યમંત્રી.**
5. **અમદાવાદમાંથી નકલી ઘીનો જથ્થો ઝડપાયો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PRIME MINISTER MODI - LONGEST TERM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા છે. શ્રી મોદીએ 26 મે, 2014ના રોજ શપથ લીધા હતા. તેમણે પંડિત જવાહરલાલ નેહરુના રેકોર્ડને તોડી નાખ્યો છે. શ્રી નહેરુએ 13 મે, 1952ના રોજ ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા અને 27 મે, 1964 સુધી સેવા આપી હતી.

પંડિત નેહરુનો ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકેનો કાર્યકાળ ચાર હજાર 398 દિવસનો હતો, જ્યારે 26 મે, 2014થી આજે 10 જૂન 2026 સુધી પ્રધાનમંત્રી મોદીનો સતત કાર્યકાળ હવે ચાર હજાર 399 દિવસનો થઈ ગયો છે. આ કાર્યકાળે તેમને ભારતના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે સેવા આપનારા બનાવ્યા છે.

વિશ્વના અનેક દેશોના નેતાઓએ ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા છે. તેમણે પ્રધાનમંત્રીના પરિવર્તનશીલ શાસન, વિકાસશીલ દેશો માટેના તેમના પ્રયાસો અને સમાવેશી અને આર્થિક રીતે ગતિશીલ ભારત માટેના તેમના વિઝનની પ્રશંસા કરી છે.

# GUJ PM 12 YEARs

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ શાસનના 12 વર્ષ નિમિત્તે આજે તેમના વતન, વડનગરમાં વિવિધ કાર્યક્રમોના આયોજન સાથે ઉજવણી થશે. સ્થાનિક વહીવટીતંત્ર અને જાહેર સંગઠનોએ વિકસિત ભારતના વિઝનને સમર્થન આપવા માટે જનભાગીદારી પર કેન્દ્રિત અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું છે.**

**સાંભળીએ એક અહેવાલ........**

## VC- APARNA KHUNT

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ શાસનના બાર વર્ષની ઉજવણી માટે ઐતિહાસિક વડનગર શહેર શ્રેણીબદ્ધ વિશેષ કાર્યક્રમોનું સાક્ષી બની રહ્યું છે. આ પ્રસંગને નિમિત્તે, જિલ્લા વહીવટીતંત્રે સાંજે ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે ભવ્ય 'મહા આરતી' અને દસ હજાર દીવા પ્રગટાવવાનું આયોજન કર્યું છે. ભારતીય જનતા પાર્ટીએ રાજ્યભરના 18 વિવિધ ધાર્મિક સ્થળોએ એક સાથે સ્વચ્છતા અભિયાન અને મહા આરતીનું આયોજન કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અડાલજના ત્રિ મંદિર ખાતે આરતીનું નેતૃત્વ કરશે. સમાંતર રીતે, વડનગરમાં. સમાંતર રીતે, રાજ્ય ભાજપ દ્વારા પવિત્ર હાટકેશ્વર મહાદેવ મંદિરમાં શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સ્વચ્છતા અભિયાન અને સફાઈ કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાશે. રાજ્ય ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સાંજે મંદિરમાં બીજી એક ભવ્ય 'મહા આરતી'નું નેતૃત્વ કરશે, જેમાં મોટી સંખ્યામાં નાગરિકો, પક્ષના કાર્યકરો અને ભક્તો આ ઉજવણીમાં ભાગ લેશે. રાજ્યભરના 18 વિવિધ ધાર્મિક સ્થળોએ સ્વચ્છતા અભિયાન અને મહા આરતી એકસાથે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અડાલજના ત્રિ મંદિરમાં આરતીનું નેતૃત્વ કરશે.)*

# NARMDA SINCHAI WATER

રાજ્યમાં આવતીકાલથી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડાશે. ખેડૂતોના વ્યાપક હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મહત્વનો નિર્ણય લીધો છે. નર્મદા કમાન્ડ વિસ્તારના ધારાસભ્ય અને સાંસદોએ સિંચાઈ માટે વહેલું પાણી છોડવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆતો કરી હતી.

મુખ્યમંત્રીએ આ રજૂઆતોને ધ્યાને લઇને નર્મદા યોજનાના વરિષ્ઠ અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવીને નર્મદા યોજનામાં ઉપલબદ્ધ પાણીના જથ્થાની સમીક્ષા કરી હતી. ત્યારબાદ, શ્રી પટેલે ખેડૂતોના પાક માટે સિંચાઈના પાણીની જરૂરિયાત ધ્યાનમાં લઈને આયોજન કરતાં વહેલાં પાણી છોડવાના નિર્દેશો આપ્યા હતા.

# CM DELHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દિલ્હીની મુલાકાતે છે. પ્રધાનમંત્રી તેમના કાર્યકાળના 12 વર્ષ પૂર્ણ કરી રહ્યાં છે. આ નિમિત્તે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી પ્રધાનમંત્રીને મળશે.

આ ઉપરાંત નીતિ આયોગની બેઠકમાં પણ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે. જેને કારણે આજના દિવસે યોજનારી રાજ્ય મંત્રીમંડળની બેઠક રદ કરવામાં આવી છે.

# MEDICAL KUNDLI PANSURIYA

પરંપરાગત કુંડળીની જેમ 'મેડિકલ કુંડળી' મેળવવી એ સિકલ સેલ જેવા આનુવંશિક રોગોને નાબૂદ કરવાનું સૌથી મોટું હથિયાર હોવાનું આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે.

ગાંધીનગરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશનના સંયુક્ત ઉપક્રમે, ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૨ના દ્વારકા હોલ ખાતે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં 'સિકલ સેલ એનિમિયા – દર્દી સંવાદ અને માર્ગદર્શન કાર્યક્રમ' યોજાયો હતો.

આ પ્રસંગે આરોગ્યમંત્રીએ કહ્યું હતું કે, વર્ષ-૨૦૪૭ સુધીમાં દેશમાંથી સિકલ સેલ એનિમિયા નાબૂદ કરવાના મહાઅભિયાનમાં ગુજરાત અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે.

**BYTE - PRAFUL PANSHERIYA, HEALTH MINISTER**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## PRAGATI PATH YATRA

અરવલ્લી જિલ્લાના વિવિધ વિધાનસભા ક્ષેત્રમાં પ્રગતિ પથ યાત્રા યોજવામાં આવી રહી છે, જે અનુસંધાને ધનસુરા તાલુકાના શિણોલ ગામે પણ આ યાત્રા યોજવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા સાંસદ શોભના બારૈયા સહિત ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ યાત્રા દરમિયાન લોકોને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપવામાં આવી રહી હોવાનું સાંસદ શોભના બારૈયાએ જણાવ્યુ હતું.

**BYTE: SHOBHANA BARAIYA, MP, ARAVALLI DIST.**

# NAVSARI PRAGATI PATH

પ્રધાનમંત્રી મોદીના સુશાસનના **12** વર્ષ પૂર્ણ થતાં જલાલપોર તાલુકામાં 'પ્રગતિપથ યાત્રા'નો પ્રારંભ કરાયો હતો. સીમળ ગામ સ્થિત વન કવચ ખાતેથી આરંભાયેલી 'પ્રગતિપથ યાત્રા'માં જાડાયેલા રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયા તથા જલાલપોરના ધારાસભ્ય આર.સી. પટેલ સહિતના લોકોએ પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ અને હરિત આવરણ વધારવા માટે હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ અંગેની વિગતો મેળવી હતી.

યાત્રા એરુ ગામ અને મટવાડ થઇને દાંડી ખાતે આવેલા ઐતિહાસિક રાષ્ટ્રીય સત્યાગ્રહ સ્મારક ખાતે પહોંચી હતી. યાત્રાના અંતિમ તબક્કામાં આટગામ ખાતે નિર્માણાધીન આધુનિક મેડિકલ કોલેજની મુલાકાત લેવામાં આવી હતી.

દક્ષિણ ગુજરાતના આરોગ્ય ક્ષેત્રને મળનારી નવી દિશા અંગે સંબંધિત અધિકારીઓ દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી. નવસારી જીલ્લા પંચાયતના સભ્ય અમિતા પટેલે આ અંગે વધુ માહિતી આપી હતી.

**BYTE: AMITA PATEL, NAVSARI DIST. PANCHAYAT MEMBER**

# JAMNGAR POLICE CHECKING

જામનગરમાં **LCB** અને સિટી **'A'** ડિવિઝન પોલીસ દ્વારા સંયુક્ત રીતે ઓટો રિક્ષાઓનું ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું. અભિયાન દરમિયાન ફેન્સી

નંબર પ્લેટ, ડ્રિંક એન્ડ ડ્રાઇવ તેમજ વાહનના જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન થાય અને માર્ગ સલામતી જળવાઈ રહે તે હેતુથી વિશેષ ડ્રાઇવ યોજાઈ હતી.

નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ તંત્ર દ્વારા વાહનચાલકોને જરૂરી દસ્તાવેજો સાથે રાખવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

## AHMEDABAD NAKLI GHEE

અમદાવાદ શહેરના વિવિધ ત્રણ સ્થળોએથી શંકાસ્પદ બનાવટી ઘી મળી આવ્યું છે. મહાનગરપાલિકાની ટીમે કરેલી આ કાર્યવાહીમાં ચાર હજાર 850 કિલો શંકાસ્પદ ઘી જપ્ત કરાયું છે. આ મામલે કુલ 31 લાખ 81 હજાર રૂપિયાનો જથ્થો કબજે કરી નમૂના તપાસ અર્થે મોકલવાની કામગીરી હાથ ધરાઇ છે.

## WEATHER

રાજ્યમાં ગરમી વચ્ચે વરસાદની આગાહી કરવામાં આવી છે. બે દિવસ દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં વરસાદ રહેશે. 13 જૂનથી સૌરાષ્ટ્ર કચ્છમાં સામાન્ય વરસાદ રહેશે. પવનની ગતિ 15 થી 20 કિમી પ્રતિકલાકની રહેશે. 11 જુનથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. ચોમાસુ આગળ વધવા તરફ અનુકૂળ સ્થિતિ

છે. અમદાવાદ ગાંધીનગર સહિત વાદળછાયુ વાતાવરણ રહેશે તેવી હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ કે દાસે આગાહી કરી હતી.

**BYTE: DR A.K.DAS, IMD**

## VIJAY RUPANI FOUNDATION

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાને 12 જૂને એક વર્ષ પૂર્ણ થશે. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીના પુત્ર ઋષભ રૂપાણીએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું કે, તેમના વિચારોને પૂર્ણ કરવા વિજય રૂપાણી મેમોરિયલ ફાઉન્ડેશન દ્વારા સેવા પ્રવૃત્તિઓ કરાશે. જે અંતર્ગત 13 અને 14 જૂને રાજકોટમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ યોજાશે. તેમણે આ ઘટનામાં અવસાન પામેલ તમામને શ્રદ્ધાંજલિ પણ પાઠવી.

## KAUSHIK VEKARIYA

રાજ્ય ઉર્જા અને કાયદા વિભાગ મંત્રી કૌશિક વેકરિયાએ અમરેલી વિધાનસભા ક્ષેત્રમાં વિવિધ વિકાસ કાર્યોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ કર્યું. આ ઉપરાંત, વિવિધ વિસ્તારોમાં કુલ 21 આંગણવાડીમાં કમ્પાઉન્ડ દીવાલ નિર્માણ કાર્યનું પણ ખાતમૂહુર્ત કરવામાં આવ્યું.